## જ્યોતિસંઘ ઉદ્યોગ ભવન
## સંચાલિત
## વિવિધ કોર્સની માહિતી

- નર્સિંગ એઈડ કોર્સ
- ફેશન ડિઝાઈનીંગ
- સિલાઈ (મીની કોર્સ)
- બ્યુટીફિકેશન મટીરીયલ્સ સાથે
- ફેન્સી મશીન એમ્બ્રોયડરી
- ઈંગ્લીશ સ્પીકીંગ
- ગરબા / ડાન્સીંગ
- ખાટલી વર્ક
- કેનવાસ પેઈન્ટીંગ
- પેન્સિલ શેડીંગ
- ફેબ્રિક પેઈન્ટ
- સિરામિક વર્ક
- ફ્રેમિંગ વર્ક
- બાંધણી પ્રિન્ટીંગ
- કેન્ડલ મેકીંગ
- લેધર વર્ક / રેકઝીન વર્ક
- મેરેજકિટ
- ડેકોરેશન બ્રોચ
- મહેંદી
- સોફ્ટ ટોયઝ
- ફલાવર મેકીંગ
- જ્વેલરી મેકીંગ
- ફેન્સી સિલાઈ
- કુકીંગ
- માઈક્રોવેવ કુકીંગ
- વોટરફોલ
- કેલીગ્રાફી
- અંકોડી /સ્વેટર
- એરોબિક્સ
- હાથભરત / મશીનભરત
- જરદોશી વર્ક
- યોગા, પ્રાણાયામ
- ડ્રોઈંગ એન્ડ ક્રાફ્ટ વર્ક
- લીડરશીપ ટ્રેનીંગ
- રેઈકી
- કાથી વર્ક
- લાયબ્રેરી
- કમ્પ્યુટર

---


ડૉ. કુંજબાળા ત્રિવેદી
પી.એચ.ડી. (સમાજ માનવશાસ્ત્ર)
માનદ્ મંત્રી
જ્યોતિસંઘ વાડજ

| રશ્મિ ત્રિવેદી | અર્ચના પંડ્યા | દિપાલી શાહ |
|---|---|---|
| કેન્દ્ર સંચાલક | સામાજિક કાર્યકર | મદદનીશ સા. કાર્યકર |


જ્યોતિ સંઘ
અમદાવાદ

## મહિલા અને બાળવિકાસ મંત્રાલય, ગુજરાત રાજ્ય દ્વારા અનુદાનીત

(કમિશ્નર, મહિલા અને બાળવિકાસ ની કચેરી)

## વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર

# સ્ત્રી અને કાયદો

સંચાલન


**જ્યોતિસંઘ**
**શ્રીમતી એમ. એચ. ઉદ્યોગ, શિક્ષણ, તાલીમ**
સંશોધન ભવન, ભીમજીપુરા ચાર રસ્તા,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
ફોન : ૦૭૯ - ૨૭૬૪૩૭૬૧

# સ્ત્રી અને કાયદો

**પ્રસ્તાવના :**

ગાંધીજી સ્ત્રી સમાનતાના પ્રખર હિમાયતી હતા. તેઓ માનતા હતા કે મહિલાઓએ સાચા અર્થમાં શિક્ષત બની, વ્યાપક દૃષ્ટિકોણ કેળવીને માનવમૂલ્યો પ્રસ્થાપિત કરી સમાજ ઉત્થાનનું કાર્ય કરવાનું છે. મહિલાઓએ આત્મનિર્ભર બની કુશળતા, ક્ષમતા અને નીડરતા કેળવીને એક વ્યક્તિ તરીકે આત્મનિર્ભર બની સ્વાભિમાનથી જીવવાનું છે. શિક્ષણ એ કેળવણી સામેના પડકાર અને સંઘર્ષ ઝીલવાની ઝઝુમવાની પ્રક્રિયા છે. પ.પૂ. મહાત્મા ગાંધીજીની પ્રેરણા અને આશીર્વાદથી ઈ.સ. ૧૯૩૪-૨૫ એપ્રિલે જ્યોતિસંઘની સ્થાપના કરી.

સ્વને ઓળખી પોતાની આગવી પ્રતિભા વિકસાવવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. મહિલાઓને મૂઝંવતા સામાજિક-માનસિક પ્રશ્નો કે સમસ્યાઓ અંગે સલાહ માર્ગદર્શન આપવામાં આવે છે. કાયદાકીય અને ઘરેલુ હિંસા જેવી કૌટુમ્બિક કલહ નિવારવા સંસ્થામાં રાહત વિભાગ દ્વારા તેમજ કમિશ્નર, મહિલા અને બાળવિકાસ - ગાંધીનગર અનુદાનીત વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર ઓગષ્ટ ૨૦૦૬થી કાર્યરત છે.

મહિલાઓને લગતા કાયદાની જોગવાઈ છે. જે પ્રસ્તુત માહિતપત્રમાં રજૂ કરવામાં આવ્યા છે.

## કાયદા અંગેની કેટલીક ભ્રામક માન્યતા

- ૧૨૫ કલમ હેઠળ ભરણ પોષણનો ઓર્ડર થાય અને પતિ ભરણ પોષણ આપે નહિ તો જેલની સજા થાય. આ કાયદા હેઠળ ઘણા બધાની માન્યતા એ છે કે અમે ભરણપોષણ ભરીશુ નહિ અને અમને સજા થશે તો જેલમાં જઈશું. પણ નામદાર કોર્ટે હુકમ કર્યો તે પ્રમાણે ભરણપોષણ તો ભરવું જ પડે અને સજા પણ ભોગવવી પડે.
- લગ્ન થાય એટલે સ્ત્રી એટલે કે નવવધૂ અને એના પિયરપક્ષવાળા માની લે છે કે કાયદાનો ઉપયોગ અને કાયદાના નેજા હેઠળ અમારૂ ધાર્યું કરાવી શકીશું. એટલે કે ફક્ત દીકરીને એના પક્ષ માટે જ કાયદો નથી પરંતુ દરેક સ્ત્રીને એના જન્મ પહેલાંથી અને એના આયુષ્ય સુધી સ્ત્રી માટે કાયદા એના રક્ષણની જોગવાઈ છે. આથી સ્ત્રીઓના સગાઓ (પિયરપક્ષ) કાયદાની ગેરસમજને કારણે અથવા ખોટો લાભ લેવા માટે ઉપયોગ કરે છે જે સ્પષ્ટ રીતે સમજી લેવું જોઈએ કે આ યોગ્ય નથી.
- લગ્ન અંગેના કાયદામાં ઘણા બધાની સમજ છે કે સાત વર્ષે કે ત્રણ વર્ષ સુધી અલગ રહેવાથી આપો આપ છૂટાછેડા થઈ ગયા. આ માન્યતા ખોટી છે. છૂટાછેડાના કેસમાં સામા પક્ષકાર હાજર ન રહેતો હોય તો એક તરફી ચૂકાદો આવી શકે છે પરંતુ ન્યાયાધીશને જે તે કેસમાં યોગ્ય લાગે એ મુજબ ચુકાદો આપી શકે છે.
- ૪૯૮-ક આ કલમ હેઠળ પત્નિ એના પતિ કે સાસરી પક્ષ ત્રાસથી કંટાળીને પોલીસ સ્ટેશનમાં F.I.R. નોંધાવી શકે છે અને એના પતિ તેમજ સાસરી પક્ષના અન્ય સભ્યોની ધરપકડ થઈ શકે છે. આરોપીઓને જામીન મળતાં છૂટી શકે છે. ત્યારબાદ પત્નિએ કોર્ટમાં પુરાવા સાથે સાબિત કરવું પડે છે.
- સ્ત્રીનો પતિ એના મા-બાપનો એકનો એક પુત્ર હોય તો પતિને એના મા-બાપથી અલગ રહેવાની જીદ કરી શકે નહિ અને જો જીદ કરે તો પતિ છૂટાછેડા આપી શકે છે એ હાઈકોર્ટનો ચૂકાદો છે.
- ઘણા કેસીસમાં સંતાનો મા-બાપનું ભરણપોષણ કરવા અથવા સાચવવા માટે ધ્યાન આપતા નથી અને તે પોતાની ફરજમાં આવતું નથી તેવું માને છે. પરંતુ કાયદાની રીતે સંતાનોની ફરજમાં આવે છે કે મા-બાપનું ભરણપોષણ કરવું જ પડે છે. જો ન કરે તો સંતાનોને પણ જેલ થઈ શકે છે.
- અત્યારના સમયમાં છૂટાછેડા કોર્ટ દ્વારા લેવાય એ બંને પક્ષકારોનાં હિતમાં રહેશે. દરેક જ્ઞાતિમાં કોર્ટ બહાર સ્ટેમ્પ પર છૂટાછેડા કાયદાકીય ગણાય તે માન્યતા ખોટી છે.

હંમેશા કાયદાનો ઉપયોગ કરતાં પહેલા કાયદાને પૂરેપૂરો સમજીએ તો જ કાયદાનું રક્ષણ અને ન્યાય મળે, નહિતો કેટલીક વખત અપૂરતી જાણકારીને કારણે ન્યાય અધૂરો મળે છે અથવા ન્યાય મળી શકતો નથી.

| કલમ | ગુનો | સજા સૌથી વધુ | જામીનપાત્ર | સી/એન.સી. |
|---|---|---|---|---|
| ૧૦૦ | બળાત્કાર સ્વ-બચાવમાં નિપજેલુ | કોઈ નહીં હુમલાખોરનું મોત | | |
| ૩૦૨ | ખૂન | જન્મટીપ/મૃત્યુદંડ | નથી | સી. |
| ૩૦૪ બ | દહેજ સંબંધિત અપમૃત્યુ | જન્મટીપ/મૃત્યુદંડ | નથી | સી. |
| ૩૦૬ | દહેજ-ત્રાસ આપીને આપઘાત કરવા તરફ વાળવુ | ૧૦ વર્ષ કેદ | નથી | સી. |
| ૩૧૨ | ગેરકાયદેસર ગર્ભપાત | ૩ વર્ષ | નથી | |
| ૩૧૩ | સ્ત્રીની ઈચ્છા વિરુદ્ધ તેનું ગર્ભપાત | ૧૦ વર્ષ કેદથી જન્મટીપ | નથી | સી. |
| ૩૧૭ | ૧૨ વર્ષથી ઓછી વયના બાળકને સંપૂર્ણ રીતે ત્યજી દેવાના ઈરાદાથી તેને અરક્ષિત મૂકી દેવું. | ૭ વર્ષ દંડ | નથી | - |
| ૩૨૩ થી ૩૩૮ | જાણી કરીને વ્યથા કે મહાવ્યથા પહોંચાડવી | ૧ વર્ષથી ૧૦ વર્ષની કેદ | છે / નથી | સી./એન.સી. |
| ૩૩૬ થી ૩૩૮ | જાન સલામતીનો ખતરો ઊભો કરવો | ૩ મહિનાથી ૩ વર્ષ કેદ | છે | સી. |
| ૩૪૨ થી ૩૪૭ | જબરજસ્તીથી પૂરી રાખવી | ૧ વર્ષથી ૩ વર્ષ કેદ | છે | સી. |
| ૩૫૨ થી ૩૫૪ | શારીરિક હુમલો | ૨ વર્ષ કેદ | છે | એન.સી. |
| ૩૫૯ થી ૩૬૩ | સ્ત્રીનું અપહરણ કરવું | ૭ વર્ષ કેદ | છે | સી. |
| ૩૬૬ | સ્ત્રીનું અપહરણ અને જબરજસ્તીથી કેદ | ૧૦ વર્ષ કેદ | નથી | સી. |
| ૩૭૫,૩૭૬ | બળાત્કાર (સત્તાધારી વ્યક્તિ દ્વારા પણ) | જન્મટીપ | છે | એન.સી. |
| ૪૦૩ | કોઈની મિલકત પચાવી પાડવી | ૨ વર્ષ કેદ | છે | એન.સી. |
| ૪૦૬ | કોઈના વિશ્વાસને દગો આપવો | ૩ વર્ષ કેદ | નથી | સી. |
| ૪૯૩ | છેતરપીંડી કરીને લગ્ન કરી લેવા | ૧૦ વર્ષ કેદ | નથી | એન.સી. |
| ૪૯૪ | એક પત્નીની હયાતીમાં બીજા લગ્ન | ૭ વર્ષ કેદ | નથી | એન.સી. |
| ૪૯૫ | પહેલાલગ્નની વાત છૂપાવીને બીજા લગ્ન કરવા | ૧૦ વર્ષ કેદ | નથી | એન.સી. |
| ૪૯૭ | પરસ્ત્રી સાથે વ્યાભિચાર | ૫ વર્ષ કેદ | છે | એન.સી. |
| ૪૯૮-અ | સાસરીયા કે પતિ દ્વારા શારીરિક કે માનસિક ત્રાસ | ૩ વર્ષ કેદ | નથી | સી. |
| ૫૦૯ | સ્ત્રીના ચારિત્ર્યનું અપમાન કરવું | ૧ વર્ષ કેદ | છે | સી. |
| ૫૧૧ | બળાત્કારનો પ્રયાસ | ૩/૧/૨ વર્ષ કેદ | છે | સી. |

| | કલમ | ગુનો | સજા | | |
|---|---|---|---|---|---|
| ક્રિમિનલ પ્રોસીજર કોડ | ૧૨૫ | ભરણપોષણ મેળવવા માટે | ૫૦૦/- સુધી મળી શકે | ભરણ પોષણ ન ભરે તો જેલ થાય | ફેમીલી કોર્ટ |
| હિન્દુ એડોપ્શન એન્ડ મેન્ટ-નન્સ એક્ટ | ૧૮ | વધારાનું ભરણપોષણ મેળવવા અરજી. કાર્યવાહી ચાલુ હોય તે દરમિયાન ભરણપોષણ અને કાર્યવાહીનું ખર્ચ | પતિની આવકનાં પ્રમાણમાં | | ફેમીલી કોર્ટ |
| હિન્દુ મેરેજ એક્ટ ૧૯૫૬ | ૨૪ | ” | | | |
| ” | ૭ | હિન્દુ લગ્ન વિધિઓ | | | ” |
| ” | ૮ | લગ્નની નોંધણી | | | ” |
| ” | ૯ | લગ્ન હક્ક પુનઃ સ્થાપન | | | ” |
| ” | ૧૦ | જ્યુડીશયલ સેપરેશન | આવક પ્રમાણે | | ” |
| ” | ૧૧ | ફોક લગ્નો | | | ” |
| ” | ૧૨ | રદ થવાને પાત્ર લગ્ન | | | ” |
| ” | ૧૩ | છૂટાછેડા મેળવવા માટેની અરજી | પતિની આવકનાં પ્રમાણમાં | | ” |
| ” | ૧૩-બી | સંમતિથી છૂટાછેડા મેળવવા અરજી | નક્કી થયા પ્રમણે | | ” |
| ” | ૧૪ | લગ્ન પછીનાં ૧ વર્ષની અંદર માટે અરજી | | | ” |
| ” | ૧૫ | છૂટાછેડા લીધેલ વ્યક્તિઓ ક્યારે પુનઃ લગ્ન કરી શકે | | | ” |
| ” | ૧૬ | રદબાતલ અને રદ થવાને પાત્ર લગ્નોથી થયેલા બાળકોની ઔરક્ષતા | | | ” |
| ” | ૧૭ | દ્વિપતિત્ત્વ અથવા દ્વિપત્નીત્ત્વ માટેની શિક્ષા | | | ” |
| ” | ૧૮ | હિન્દુ લગ્ન માટેની કેટલીક શરતોનો ભંગ કરવા બદલ શિક્ષા | | | ” |
| ઘરેલું હિંસા | ૧૭ | રક્ષણનાં હુકમો/ભાગે પડતા ઘરમાં રહેવાનો હક્ક | | | ફર્સ્ટક્લાસ |
| કાયદો | ૧૮ | રક્ષણનાં હુકમો | | | મજીસ્ટ્રેટ કોર્ટ |
| ૨૦૦૫ | ૧૯ | રહેઠાણનાં હુકમો | | | અને ફેમીલી કોર્ટ |
| | ૨૦ | નાણાકીય શરતો | | | |
| | ૨૧ | કસ્ટડી (સોંપણી)ના હુકમો | | | |
| | ૨૨ | વળતરના હુકમો | | | |
| | ૨૩ | વચગાળાનો અને એકતરફી હુકમ કરવાની સત્તા | | | |
| | ૨૪ | અદાલતે હુકમની નકલ મફત આપવી. | | | |